નવી બાબત ૨૦૧૯-૨૦

નવા જીલ્લાઓમાં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનું મહેકમ મંજૂર કરવા બાબત.

રૂા. ૧૪.૫૮ લાખ.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૧૯/૨૫૪૨૪૩/ન.બા ૪૩/ગ

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૭/૦૯/૨૦૧૯

<u>વંચાણમાં લીધા :</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૯-૧૨-૨000 નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા ૩૩/ગ

(૨) નિયામકશ્રી, (અ.જા.ક) નો તા. ૦૯/૦૫/૨૦૧૯ નો પત્ર ક્રમાંક : અજાક/છ-૫/૨૦૧૯/૨૭૫૮.

ઠરાવ :

વિભાગનાં વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેનાં તા.૦૯/૧૨/૨૦૦૦ ના ઠરાવથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની જીલ્લા કચેરી માટે એક મદદનીશ જીલ્લા મેનેજર અને એક ક્લાર્ક લેખે ૨૫-મદદનીશ જીલ્લા મેનેજર અને ૨૫ ક્લાર્કની જગ્યા ફિક્સ પગારથી મંજુર થયેલ છે. મહેસૂલ વિભાગનાં તા. ૧૩/૦૮/૨૦૧૩ ના જાહેરનામાં અન્વયે નવા સાત જીલ્લાઓની રચનાં કરાવમાં આવેલ છે. આ નચરચિત સાત જીલ્લાઓમાં નવી કચેરી શરૂ કરવાની કાર્યવાહી કરવા નાણાં વિભાગના તા. ૦૭/૦૧/૨૦૧૪ ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે. જે અન્વયે નવા સાત જીલ્લાઓ અરવલ્લી, મોરબી, ગીર-સોમનાથ, દેવભૂમિ-દ્વારકા, બોટાદ,મહીસાગર, અને છોટાઉદેપુરમાં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની કચેરી માટે (૦૭) સાત મદદનીશ જીલ્લા મેનેજર અને (૦૭) સાત ક્લાર્કની જગ્યાઓ ફિક્સ પગારથી મંજૂર કરવા નિયામકશ્રી, (અ.જા.ક) ના તા. ૦૯/૦૫/૨૦૧૯ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાનાં અંતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની નવા સાત જીલ્લાની કચેરી માટે મદદનીશ જીલ્લા મેનેજરની-૦૭ (સાત) જગ્યાઓની સેવાઓ પ્રતિમાસ રૂા. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર પુરા) ના ફિક્સ પગારથી આઉટસોર્સથી અને ક્લાર્કની-૦૭ (સાત) જગ્યાઓની સેવાઓ પ્રતિમાસ રૂા. ૯૭૨૮/- (રૂપિયા નવ હજાર સાતસો અઠ્ઠાવીસ પુરા) ના ફિક્સ પગારથી આઉટસોર્સથી સાત માસ માટે ભરવા માટે રૂ. ૧૪.૫૮ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વ્યે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૭) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) નવી મંજૂર કરેલ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવાની હોઇ, સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૦૧/૦૪/૨૦૧૦નાં ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે. તથા જગ્યાઓ ભરવા ઉક્ત ઠરાવની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૧, અનુસુચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૧૦૨ આર્થિક વિકાસ, પેટા ગૌણ સદર : SCW-૧૨ રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજનામાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૨/૦૯/૨૦૧૯ની રથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,

  અનુસૂચિત જાતિ કલ્યાણ,

  ડો.જીવરાજ મહેતા ભવન,

  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૧૯